BUSINESS મિત્ર

ફેડરલ રિઝર્વે વ્યાજદર યથાવત રાખ્યા, ક્રુડ ઓઇલની નરમાઇથી ઓટો શેરો ચમક્યાં

ઇન્ટ્રાડેમાં 550 પોઇન્ટના ઉછાળા સાથે સેન્સેક્સ-નિફ્ટી સુધારા સાથે બંધ

નિફ્ટીએ 24300 પોઇન્ટની સપાટી કુદાવી, છતાં રોકાણકારોએ રૂ. 1.63 લાખ કરોડ ગુમાવ્યા

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 30: સતત પાંચમી પોલિસી બેઠકમાં વ્યાજદર સ્થિર રાખવાના યુએશ ફેડના નિર્ણય, ક્રુડ ઓઈલની નરમાશ અને ઓટો શેરોમાં વધારાએ બજારને ટેકો આપ્યો હતો. આજે ઈન્ટ્રાડેમાં નીચલા સ્તરે 550 પોઈન્ટથી વધુની ઉછાળો લગાવી રહ્યો છે, જ્યારે નિફ્ટી 24200 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. જે છેલ્લે 24300 પોઈન્ટની સપાટી કુદાવીને બંધ રહી હતી. મહત્વની બાબત એ છે કે, નિફ્ટીએ 24300 પોઈન્ટની સપાટી કુદાવીને બંધ રહેવામાં સફળ રહી હતી, આમ છતાં રોકાણકારોએ રૂ. 1.63 લાખ કરોડ ગુમાવી દીધા હતા. ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડાના કારણે ઓટો શેરો ચમક્યાં હતા.

સેકટર વાઈઝ જોઈએ તો આઈટી સેકટરે આજે શરૂઆતમાં બજારને સંભાળવા માટે સખત પ્રયાસ કર્યો હતો અ માત્ર આ સેકટરનો ઈન્ડેક્સ એખ ટકાથી વધુ વધ્યો હતો, જે છેલ્લે અડધા ટકાનો સુધારો નોંધાયો હતો. ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડાના કારણે ઓટો સેકટરે અદભૂત રિકવરી કરી હતી અને દોડ ટકાથી વધુની મજબૂતી જોવાઈ હતી. રિયલ્ટી સેકટરનો ઈન્ડેક્સ 2 ટકાથી વધુ નબળો પડ્યો છે. બીએસ લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ રૂ. 484 લાખ કરોડ પર પહોંચી છે. જે આજે રૂ. 1.63 લાખ કરોડનો ઘટાડો દર્શાવે છે.

બીએસઈ સેન્સેક્સ 273.55 પોઈન્ટ એટલે કે 0.35 ટકા વધીને 77928.15 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 78007 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 77440 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 66.95 પોઈન્ટ એટલે કે 0.28 ટકા વધીને 24300 પોઈન્ટની સપાટી કુદાવીને 24317.15 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 24342 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 24187 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 58.40 પોઈન્ટ એટલે કે 0.1 ટકા ઘટીને 57147.50 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ટીબીઓ ટેક લિ.માં 77.03 ગણા, સીન્જીન ઈન્ટરનેશનલમાં 30.6 ગણા, શેફાયર ફુડઝમાં 16.21 ગણા, ડીએલએફ લિ.માં 15.75 ગણા અને રેડીન્ગટન લિ.માં 15.552 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે રેડીન્ગટન લિ.માં 18.89 ગણા, એલટી ફુડસમાં 17.55 ગણા, વર્ધમાન ટેકસટાઈલ્સમાં 15.47 ગણા અને સીન્જીન ઈન્ટરનેશનલમાં 15.22 ગણા અ બાલકૃષ્ણ ઈન્ડ. 14.93 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ફ્રન્ટલાઈનની સરખામણીએ નરમ બંધ રહ્યા હતા. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.29 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 0.83 ટકા ઘટ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ નબળી રહી હતી. આજે બીએસઈ ખાતે 1690 શેરો વધ્યા હતા, જ્યારે 2527 શેરો ઘટ્યા હતા અને 200 શેરો યથાવત રહ્યા હતા. કોમોડિટીઝ માર્કેટમાં સપ્ટેમ્બર 2026 સેટલમેન્ટ માટે બ્રેન્ટ ક્રુડ 0.06 ટકા ઘટીને 88.04 ડોલર પ્રતિ બેરલ થયું હતું.

ઓટો શેરોમાં સુધારો જોવાયો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ 1.63 ટકા વધ્યા હતા. જેમાં સોના બીએમડબલ્યુ, એકસાઈઝ ઈન્ડ., હીરો મોટોકોર્પ, ટીવીએસ મોટર, મહિન્દ્રા-મહિન્દ્રા, મારૂતિ સુઝુકી, આઈશર મોટર, ટાટા મોટર પેસેન્જર વ્હીકલ, બોશ અને બજાજ ઓટો વધ્યો હતો. બીજી તરફ, ટયુબ ઈન્વેસ્ટમેન્ટ અ ભારત ફોર્જ ઘટ્યા હતા.

વૈશ્વિક સ્તરે સત્તાવાર ડેટા અનુસાર યુરો ઝોનની અર્થવ્યવસ્થા બીજા કવાર્ટરમાં અપેક્ષા કરતા વધુ વૃદ્ધિ પછી યુરોપિયન બજારો સુધારા સાથે આગળ વધ્યા હતા. જ્યારે એશિયન બજારો મિશ્ર રહ્યા હતા. એઆઈ ટ્રેડની આસપાસ વધતા રોકાણકારોને કારણે સપ્તાહ માટે તીવ્ર નુકશાન થયું હતું. વધુમાં વિભાજિત ફેડરલ રિઝર્વ વ્યાજદર સ્થિર રાખતા બોન્ડ બજાર ઉછળ્યા હતા અને અમેરિકન બજારો તૂટયા હતા. યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.38 ટકા, કેક 1.09 ટકા અને ડેક્સ 0.31 ટકા સુધર્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 0.77 ટકા, હેંગસેંગ 0.26 ટકા, જકાર્તા 1.54 ટકા વધ્યા હતા. જ્યારે સ્ટ્રેઈટસ 0.70 ટકા, તાઈવાન 0.27 ટકા, કોસ્પી 1.25 ટકા અને શાંઘાઈ 0.63 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

ડોલરમાં નજીવી રીકવરી

કરન્સી બજારમાં બેઉતરફી વધઘટે નજીવા સુધારા સાથે સપાટ બંધ રહ્યા હતા. આજે ડોલરની સામે રૂપિયો 3 પૈસા નજીવો ઘટીને 95.68ના સ્તરે બંધ રહ્યા હતા. ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.65ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 109.97, પાઉન્ડ 127.57, કેનેડિયન ડોલર 68.34, ઓસ્ટ્રેલિયન ડોલર 66.97, જાપાનીઝ યેન 0.5874 અને સીંગાપોર ડોલર 74.17ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.68 ₹.
યુરો	109.97 ₹.
પાઉન્ડ	127.57 ₹.
યેન	0.5873 ₹.

સેન્સેક્સ	273.55	77928.15
નિફ્ટી	66.95	24317.15
બેન્ક નિફ્ટી	-58.40	57147.50

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મહિન્દ્રા-મહિન્દ્રા	1.02	3283.70
કોલ ઇન્ડિયા	1.74	417.20
મારૂતિ સુઝુકી	1.72	14188.00
આઇશર મોટર	1.72	7912.50
ટેક મહિન્દ્રા	1.51	1669.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી પોર્ટસ	3.23	1664.10
એચડીએફસી લાઇફ	2.03	545.40
શ્રીરામ ફાઇનાન્સ	1.68	1027.20
અલ્ટ્રાટેક સિમેન્ટ	1.26	11847.00
જિયો ફાઇનાન્સીયલ	1.01	246.95

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
મારૂતિ સુઝુકી	1.77	14188.90
મહિન્દ્રા-મહિન્દ્રા	1.73	3278.90
રિલાયન્સ ઇન્ડ.	1.44	1294.40
એસબીઆઇ	1.22	1026.15
એચડીએફસી બેન્ક	1.06	756.15

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
અદાણી પોર્ટસ	3.26	1664.30
ઇન્ટરગ્લોબ	0.87	5231.70
બજાજ ફિનસર્વ	0.83	1909.05
ભારત ઇલે.	0.74	384.80

કોક્રોચ આંદોલનની સફળતા પછી અનામત પ્રથા સામે આંદોલન છેડાઈ રહ્યું છે



સીજેપીના નેતૃત્વ હેઠળના વિદ્યાર્થી આંદોલનના સફળ અંત પછી સોશિયલ મીડિયા પર એક નવું આંદોલન ઝડપથી ઉભરી રહ્યું છે. 'રિઝર્વેશન હટાઓ આંદોલન' (RHA) નામનું એક જૂથ દાવો કરે છે કે તેણે માત્ર પાંચ દિવસમાં ઇન્સ્ટાગ્રામ પર ૫૫ લાખ ફોલોઅર્સ મેળવ્યા છે. આ આંદોલન પોતાને નાગરિક સંચાલિત આંદોલન તરીકે વર્ણવે છે અને કોઈપણ રાજકીય પક્ષ સાથે કોઈ જોડાણ ન હોવાનો દાવો કરે છે. સમગ્ર ઝુંબેશ સોશિયલ મીડિયા દ્વારા અનામત પ્રણાલીમાં ફેરફારની માંગ સાથે ચલાવવામાં આવી રહી છે. આ જૂથનું ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ 'reservationhataomovement' નામથી છે. તેમાં ૧૦૯ પોસ્ટ છે અને તે માત્ર ભારતીય સેનાના સત્તાવાર એકાઉન્ટને જ ફોલો કરે છે. જૂથની પ્રોફાઇલમાં જણાવાયું છે કે તે નાગરિકોનું આંદોલન છે, જે માને છે કે સુધારા માટે અવાજ ઉઠાવવો જોઈએ. પ્રોફાઇલમાં ડો. ભીમરાવ આંબેડકરના પ્રખ્યાત સૂત્ર 'શિક્ષિત કરો, આંદોલન કરો, સંગઠિત કરો'નો પણ ઉપયોગ કરવામાં આવ્યો છે.

આ જૂથે એક પોસ્ટમાં જણાવ્યું હતું કે તેનો કોઈ રાજકીય પક્ષ સાથે કોઈ સંબંધ નથી. પોસ્ટમાં કહેવામાં આવ્યું હતું કે તેઓ શરૂઆતમાં આશા રાખતા હતા કે સરકારમાં પરિવર્તનથી અનામત પ્રણાલીમાં મોટા સુધારા થશે, પરંતુ તેમના મતે એવું બન્યું નથી. જૂથે લખ્યું હતું કે ભાજપ પણ અનામત નીતિમાં જરૂરી ફેરફારો કરવામાં સફળ રહ્યું નથી અને સમય જતાં આ વ્યવસ્થાનો વિસ્તાર થયો છે. તેથી તેઓ માને છે કે આ મુદ્દો કોઈ રાજકીય પક્ષનો નહીં, પરંતુ નીતિનો છે. આ જૂથે પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં વધુમાં જણાવ્યું છે કે જો સરકાર જાતિ આધારિત ભેદભાવને સમાપ્ત કરવા ઇચ્છતી હોય, તો જાહેર જીવનમાં જાતિની ઓળખનો ઉપયોગ પણ બંધ થવો જોઈએ. સીજેપી વિરોધના અંત પછી 'E20 જનતા પાર્ટી' નામની એક નવી ઝુંબેશ પણ સોશિયલ મીડિયા પર શરૂ થઈ છે. આ ઝુંબેશ કેન્દ્ર સરકારની ઇથેનોલ નીતિ સામે ૧૦૦ ટકા પેટ્રોલના વિકલ્પોની ઉપલબ્ધતા અને કેન્દ્રીય માર્ગ પરિવહન તથા હાઇવે મંત્રીના રાજીનામાની માંગ કરી રહી છે. આ ઝુંબેશને દિલ્હીના ટેક્સી, ટૂરિસ્ટ ટ્રાન્સપોર્ટર્સ અને ટૂર ઓપરેટર્સનું પણ સમર્થન મળ્યું છે. સંબંધિત સંગઠનોએ ૪ ઓગસ્ટે સંસદ તરફ કૂચ કરવાની જાહેરાત કરી છે.

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલનની શરૂઆત કરનાર નેતા હાર્દિક પટેલ અને તેમના જૂના સાથી પાટીદાર નેતાઓ હવે દેશભરમાં ચાલી રહેલા 'રિઝર્વેશન હટાઓ આંદોલન'ને આંશિક સમર્થન આપી રહ્યા છે. ભાજપના ધારાસભ્ય હાર્દિક પટેલે કહ્યું છે કે અનામત પ્રણાલીમાં સુધારાની જરૂર છે અને માત્ર સામાજિક તથા આર્થિક રીતે પછાત અને જરૂરિયાતમંદ લોકોને જ અનામતનો લાભ મળવો જોઈએ. જે પરિવારોના સભ્યો સરકારી નોકરીમાં છે અને જેમણે અનામતના લાભથી પોતાની આર્થિક સ્થિતિ સુધારી છે, તેમણે સ્વેચ્છાએ પોતાના સમાજના વધુ જરૂરિયાતમંદ વર્ગો માટે અનામતનો લાભ છોડી દેવો જોઈએ. તેમણે જણાવ્યું કે ડો. બાબાસાહેબ આંબેડકર આ લાભ સમાજના સૌથી પછાત વર્ગ સુધી પહોંચાડવા માંગતા હતા, તેથી સમૃદ્ધ લોકોએ સ્વેચ્છાએ અનામતનો લાભ છોડવો જોઈએ. નોંધનીય છે કે પાટીદાર અનામત આંદોલન પછી જ દેશમાં આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે ૧૦ ટકા અનામતની વ્યવસ્થા અમલમાં આવી હતી. પાટીદાર અનામત આંદોલનના નેતા અને ખોડલધામના ટ્રસ્ટી દિનેશ બામણિયા તેમજ સરદાર પટેલ ગ્રુપના સ્થાપક પ્રમુખ લાલજી પટેલે પણ આ આંદોલનને સમર્થન વ્યક્ત કર્યું છે. પાટીદાર અનામત આંદોલન સમિતિ, સરદાર પટેલ ગ્રુપ અને ગુજરાતના અન્ય કાર્યકર્તા નેતાઓ પણ આ મુદ્દે આગામી રવિવારે ગાંધીનગરમાં બેઠક યોજવાની તૈયારી કરી રહ્યા છે. દિનેશ બામણિયાના જણાવ્યા મુજબ, CJPના પ્રતિસાદરૂપે શરૂ થયેલા RHA આંદોલનને ઝડપથી સમર્થન મળી રહ્યું છે. તેમના મતે ભવિષ્યમાં ગુજરાતમાં અનામત પ્રણાલીમાં સુધારાની માંગ સાથે પાટીદાર આંદોલન જેવી બીજી મોટી ચળવળ પણ ઊભી થઈ શકે છે.

ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મૂળભૂત રીતે અનામત પ્રથાના વિરોધી હતા, પરંતુ દલિતોના મત ગુમાવવાના ભયને કારણે હવે તેઓ અનામતને સમર્થન આપી રહ્યા છે, એવો દાવો કેટલાક રાજકીય વર્તુળોમાં કરવામાં આવે છે. બીજી તરફ કેન્દ્રીય મંત્રી રામદાસ આઠવલેએ કહ્યું છે કે CJP આંદોલનની આડમાં અનામત દૂર કરવા માટે દ્વેષપૂર્ણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું કે એનડીએ સરકાર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી આવા વિચારો કે માંગણીઓને કોઈ સમર્થન આપતા નથી.

રામદાસ આઠવલેએ બુધવારે X પર પોસ્ટ કરીને લખ્યું હતું કે છેલ્લા કેટલાક દિવસોમાં CJP આંદોલનની આડમાં સરકારને બદનામ કરવા માટે નવી યુક્તિ અપનાવવામાં આવી છે. સોશિયલ મીડિયા પર 'રિઝર્વેશન હટાઓ' નામે ભ્રામક અને દ્વેષપૂર્ણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, જેમાં કેટલાક લોકો અનામતને માત્ર ગરીબી દૂર કરવાના સાધન તરીકે રજૂ કરીને ગેરસમજ ફેલાવી રહ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું કે એનડીએ સરકાર અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી ડો. બાબાસાહેબ આંબેડકરના વિચારોને સંપૂર્ણ નિષ્ઠા સાથે આગળ ધપાવી રહ્યા છે.

ભારતમાં અનામત પ્રણાલીનો મુખ્ય ઉદ્દેશ ઐતિહાસિક રીતે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને સમાન તક ઉપલબ્ધ કરાવવાનો રહ્યો છે. બ્રિટિશ શાસનકાળ દરમિયાન કોલ્હાપુરના રાજા શાહુજી મહારાજે બિન-બ્રાહ્મણો અને પછાત વર્ગો માટે અનામતની શરૂઆત કરી હતી. ભારતનું બંધારણ અમલમાં આવ્યા બાદ સરકારી નોકરીઓ, શિક્ષણ અને રાજકીય પ્રતિનિધિત્વમાં અનુસૂચિત જાતિ (SC) અને અનુસૂચિત જનજાતિ (ST) માટે વિશેષ જોગવાઈઓ કરવામાં આવી. વર્ષ ૧૯૯૦માં વડા પ્રધાન વી.પી. સિંહની સરકારે મંડલ કમિશનની ભલામણોના આધારે અન્ય પછાત વર્ગો (OBC) માટે ૨૭ ટકા અનામત અમલમાં મૂક્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૯માં ૧૦૩મા બંધારણીય સુધારા દ્વારા આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ કરવામાં આવી હતી. ભારતીય બંધારણમાં અનામત સંબંધિત અનેક મહત્ત્વપૂર્ણ જોગવાઈઓ કરવામાં આવી છે. કલમ ૧૫(૪) અને ૧૫(૫) રાજ્યને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે શિક્ષણ ક્ષેત્રે વિશેષ જોગવાઈ કરવાની સત્તા આપે છે. કલમ ૧૬(૪) સરકારી નોકરીઓમાં પછાત વર્ગો માટે અનામતની જોગવાઈ કરે છે. કલમ ૧૬(૪એ) અને ૧૬(૪બી) પ્રમોશનમાં અનામત સંબંધિત જોગવાઈઓ સાથે સંબંધિત છે. કલમ ૪૬ રાજ્યને નબળા વર્ગોના, ખાસ કરીને અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના શૈક્ષણિક તથા આર્થિક હિતોને પ્રોત્સાહન આપવાની ફરજ સોંપે છે. કલમ ૨૪૩D અને ૨૪૩T પંચાયતો તથા નગરપાલિકાઓમાં અનામત બેઠકોની જોગવાઈ કરે છે, જ્યારે કલમ ૩૩૦ અને ૩૩૨ લોકસભા અને રાજ્ય વિધાનસભાઓમાં અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ માટે બેઠકો અનામત રાખવાની જોગવાઈ કરે છે. ઉપરાંત, ૧૦૩મા બંધારણીય સુધારા દ્વારા કલમ ૧૫(૬) અને ૧૬(૬) હેઠળ આર્થિક રીતે નબળા વર્ગો માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ ઉમેરવામાં આવી હતી. અનામત પ્રણાલીનો મોટો ભાગ બંધારણીય જોગવાઈઓ પર આધારિત છે. તેથી તેને સંપૂર્ણપણે સમાપ્ત કરવા માટે માત્ર સરકારની જાહેરાત પૂરતી નથી. તેના માટે સંસદમાં બંધારણીય સુધારો કરવો જરૂરી બને છે. આવા સુધારા માટે સંસદના બંને ગૃહોમાં વિશેષ બહુમતી જરૂરી હોય છે અને કેટલાક કિસ્સાઓમાં દેશના અડધાથી વધુ રાજ્યોની મંજૂરી પણ આવશ્યક બને છે.

સુપ્રીમ કોર્ટે અનામત સંબંધિત અનેક મહત્ત્વપૂર્ણ ચુકાદાઓ આપ્યા છે. વર્ષ ૧૯૯૨ના ઇન્દ્રા સાહની (મંડલ) કેસમાં સુપ્રીમ કોર્ટે સામાન્ય રીતે અનામતની મર્યાદા ૫૦ ટકા સુધી રાખવાનો સિદ્ધાંત સ્થાપિત કર્યો હતો, જોકે વિશેષ પરિસ્થિતિઓમાં અપવાદોને પણ માન્યતા આપવામાં આવી છે. ત્યારબાદ વર્ષ ૨૦૨૨માં સુપ્રીમ કોર્ટે બહુમતીના નિર્ણયથી ૧૦૩મા બંધારણીય સુધારાને માન્યતા આપી હતી, જેના આધારે આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે ૧૦ ટકા અનામતની જોગવાઈ અમલમાં રહી. આ તમામ ઘટનાઓ દર્શાવે છે કે ભારતમાં અનામત સંબંધિત મોટા નિર્ણયો લેવામાં સંસદ અને ન્યાયતંત્ર બંનેની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ટુ ધ પોઇન્ટ

▪ સંજય વોરા ▪

ભાજપ અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ મૂળભૂત રીતે અનામત પ્રથાના વિરોધી હતા, પણ દલિતોના મતો ગુમાવી દેવાના ડરથી હવે તેઓ મજબૂત રીતે અનામતને ટેકો આપી રહ્યા છે

ફેડના નિર્ણયથી ડાઉ જોન્સ 1,100 પોઈન્ટ તૂટયો

ફેડરલ રિઝર્વે વ્યાજદરમાં ઘટાડો નહીં કરતા રોકાણકારોની આશા પર પાણી ફરી વળ્યું

મુંબઈ, તા. 30: ફેડરલ રિઝર્વની મળેલી નીતિગત બેઠકમાં વ્યાજદરો પર નિર્ણય લેવાયો હતો, જેમાં ફરી એકવાર ફેડ ચેરમેન દ્વારા વ્યાજદરમાં કોઈ ફેરફાર કરાયા નથી, જેના કારણે યુએસ બજારોમાં કડાકો બોલાયો હતો. જોકે, રોકાણકારોને આશા હતી કે ફેડ ટુંકસમયમાં રેટ કટનો સંકેત આપશે, પરંતુ એવું થયું નહીં, જેથી યુએસ બોન્ડ યીલ્ડમાં તીવ્ર વધારો થયો અને શેરબજારમાં કડકો બોલાયો હતો.

ગઈકાલે ટ્રેડિંગમાં ડાઉ જોન્સ 1100 પોઈન્ટથી વધુ ઘટ્યો, જે એપ્રિલ 2025 પછીનો સૌથી મોટ એક દિવસનો ઘટાડો હતો. જ્યારે એસ એન્ડ પી 500 1.5 ટકા ઘટ્યો અને નાસ્ડેક કમ્પોઝિટ 1.7 ટકા ગઠ્યો. ટેક શેરો પર દબાણ એટલું તીવ્ર હતું કે નાસ્ડેક 100 તેના તાજેતરના ઉચ્ચસ્તરથી 10 ટકાથી વધુ ઘટ્યો, જે ટેકનીકલી કરેકશનમાં પ્રવેશ્યો છે.

એફઓએમસીએ વ્યાજદર 3.5 ટકાથી 3.75 ટકાની રેન્જમાં સ્થિર રાખવાનો નિર્ણય લીધો. જોકે, ત્રણ અધિકારીઓ આ નિર્ણયથી અસંમત હતા. જેમાં ફેડના ચેરમેન કેવિન વોર્શની ટિપ્પણીઓમાં જણાવ્યું હતું કે, ફેડ પાસે ફુગાવાને તાત્કાલિક નિયંત્રિત કરવા માટે કોઈ જાદુઈ ઉકેલ નથી અને ફુગાવા સામેની લડાઈ લાંબી હોઈ શકે છે. ભવિષ્યના વ્યાજદરો અંગે સ્પષ્ટનો અભાવે રોકાણકારો નિરાશ થયા હતા.

ફેડરના નિર્ણય બાદ યુએસ 30 વર્ષના બોન્ડ યીલ્ડ વધીને 5.2 ટકા થયા, જે 2007 પછીનું તેનું ઉચ્ચતમ સ્તર છે. ડોલર નબળો પડ્યો, જ્યારે સોના-ચાંદીના ભાવમાં થોડો વધારો જોવા મળ્યો છે. તેનાથી વિપરીત મેટાના પરિણામો બજારની અપેક્ષાઓ કરતા નબળા હતા. રોકાણકારો કંપનીની શેરદીઠ કમાણી, વપરાશકર્તા વૃદ્ધિ અને ભવિષ્યના અંદાજથી પ્રભાવિત થયા નહતા. આ વર્ષે મેટાએ તેના મુડીખર્ચનો અંદાજ વધાર્યો હતો, પરંતુ નબળા પ્રદર્શનને કારણે આફટર માર્કેટ ટ્રેડિંગમાં એક સમયે તેના શેર 10 ટકા જેટલા ઘટી ગયા હતા.

બુલિયન બજાર સતર્ક બન્યું

નવી દિલ્હી, તા. 30: ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદર સ્થિર રાખવાનો નિર્ણય લીધો હતો. જોકે, રોકાણકારોને લાંબા સમયથી વ્યાજદર ઘટવાની અપેક્ષા હતી, તે ફળિભૂત થઇ રહી નથી, પણ જે રીતે મોંઘવારી દર વધી રહ્યો હોવાથી ફેડરલ રિઝર્વની બેઠકમાં ત્રણ સભ્યોએ વ્યાજદર વધારવાની તરફેણમાં મત આપ્યો હતો. આ વિભાજિત નિર્ણય સુચવે છે કે ટુંકસમયમાં વ્યાજદર વધારો થઇ શકે છે. જે બુલિયન માર્કેટ માટે નકારાત્મક છે. આજરોજ સોનું અને ચાંદી મિક્સ શરૂ થયા હતા. એક તરફ સોનુ નજીવા સુધારા સાથે કારોબાર કરી રહ્યા છે, જ્યારે ચાંદી લગભગ અડધા ટકાના ઘટાડા સાથે કારોબાર કરી રહી હતી. આંતરરાષ્ટ્રીય સ્તરે સોનુ અને ચાંદી પણ મર્યાદિત રેનજમાં ટ્રેડ કરી રહી છે. વૈશ્વિક સ્તરે કોમેક્સ સોનુ 0.35 ટકા વધીને 4050 ડોલર પ્રતિ ઔંસ અને ચાંદી 0.73 ટકા વધીને 578 ડોલર પ્રતિ ઔંસ થઇ ગઇ છે.

યાર્ન બજાર સુરત
(GST સાથેના ભાવ)
નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂા.	૭૫/૩૬	''	૧૩૧	----- ---
૩૦/૨૪ બ્રાઇટ	૨૫૩	૫૦/૩૬	''	૧૪૦	૮૦/૭૨ બ્લેક રોટો ૧૪૯.૨૫
૩૦/૩૬ એફડી	૨૬૨.૫	૫૦/૪૮ SD/ક્રેપ		૨૪૬	**ગાર્ડન**
લોકલ		**RIL રિલાયન્સ**			૪૬/૨૪ એફડીવાય ૧૩૬
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૧	૯૦/૩૬ ક્રિમ્પ		૧૩૫.૫	૩૦/૧૪ ક્રિમ્પ ૧૯૫
૬૮/૩૬	૧૩૮.૫	૧૧૪.૧૩ રોટો		---	૬૨ ક્રિમ્પ ૧૪૩
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૬.૫	૧૦૦ ટેક્ષ		૧૩૪.૫	૬૮ ક્રિમ્પ ૧૪૧
૯૦/૩૬ ક્રિમ્પ	૧૩૪.૫	**વેલનોન** (જીએસટી સાથે)			૭૨ ક્રિમ્પ ૧૩૯.૫
૮૪/૪૮ ક્રિમ્પ	૧૩૫.૫	૮૦/૭૨ રોટો		૧૪૦	૭૫ ક્રિમ્પ ૧૩૮.૫
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર		૧૪૯.૨૫	૮૦ ક્રિમ્પ ૧૩૬
૮૦/૭૨ રોટો.	૧૩૮.૫	૧૬૦ ડીસ્કેટ		૪૯.૨૫	૮૦/૭૨ રોટો ૧૪૦
૮૦/૩૬ રોટો.	૧૩૭.૫	---		---	૩૦/૨૪ બ્રાઇટ ---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૪	૮૦/૧૦૮	''	૧૪૧.૫	૩૦/૩૬ એફડી ---
					TPM ૧૩૯

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૩૧૮૦	કોપરેલ	૪૫૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૯૫૦	વનસ્પતિ ઘી	૨૫૯૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૮૦
કપાસીયા (૧૫ કિ.)	૨૮૩૦	તલતેલ	૪૫૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૬૦૦	દિવેલ	૨૫૦૦
કપાસીયા (૫ લિ.)	૯૩૦	મકાઇ તેલ	૨૬૦૦
સરસીયું તેલ	૨૯૮૦		

વેદાન્તામાંથી વધુ એક કંપનીનું ડિમર્જર થશે

વેદાન્તા રિયલ એસ્ટેટ બિઝનેસને અલગ કરશે

મુંબઈ, તા. 30:અનિલ અગ્રવાલની માલિકીની મેટલ અને માઈનીંગ કંપની વેદાન્તા લિ.એ પણ તેના રિયલ એસ્ટેટ બિઝનેસનને અલગ કરવાની જાહેરાત કરી છે. કંપનીના પાવર, ઓઈલ એન્ડ ગેસ, આર્યન અને સ્ટીલ અને એલ્યુમિનિયમને અલગથી સુચિબદ્ધ કર્યાના લગભગ બે મહિના પછી આ નિર્ણય લેવામાં આવ્યો છે.

કંપનીએ સ્ટોક એકસચેન્જને આપેલી માહિતીમાં જણાવ્યું હતું કે, રિયલ એસ્ટેટ બિઝનેસને અલગ લિસ્ટેડ કંપની બનાવવામાં આવશે. આ ડિમર્જર ચાલુ ચિંતાના આધારે હશે, એટલે કે બિઝનેસ પહેલાની જેમ જ ચાલશે, માત્ર તેની અલગ કંપની બનશે.

વેદાન્તાના હાલના શેરહોલ્ડરોને દર 20 શેર માટે એક નવા શેર મળશે. એટલે કે જો તમારી પાસે વેદાન્તાના 20 શેર છે, તો ડિમર્જર પછી તમને નવી રિયલ એસ્ટેટ કંપનીનો એક શેર મળશે. જોકે, આ માટે હજુય સુધી રેકોર્ડ ડેટ જાહેર કરવામાં આવી નથી.

વેદાન્તાનું આ એકમ રહેણાંક, વ્યાપારી, રિટેલ, ઔદ્યોગિક અને હોસ્પિટાલિટી પ્રોજેક્ટસના વિકાસમાં સંકળાયેલું છે. આ સિવાય તે ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટસ, ટાઉનશીપ, લીઝીંગ, ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ અને એસઈઝેડ જેવા પ્રોજેક્ટસ પર કામ કરી શકે છે. આ કંપની અલગ થયા પછી આ ક્ષેત્ર પર સંપુર્ણ ધ્યાન કેન્દ્રિત કરી શકશે.

હેસ્ટર બાયોસાયન્સીસના નફામાં 459 ટકાનો ઉછાળો

અમદાવાદ, તા. 30: ભારતની અગ્રણી એનિમલ હેલ્થ કંપનીમાંની એક બાયોસાયન્સીસ લિ.એ પ્રથમ ક્વાર્ટરમાં ચોખ્ખો નફો 459 ટકા વધીને રૂ. 96.73 કરોડ થયો છે. જે ગત વર્ષે સમાન ગાળામાં 17.30 કરોડનો થયો હતો. જોકે, આવકમાં નજીવો ઘટાડો થયો છે. જેનું મુખ્ય કારણ નેપાળ અને આફ્રિકાની નબળી કામગીરીના કારણે થઇ હતી. નેપાળમાં ઇન્સ્ટીટયુશનલ ઓર્ડર સમય અને લોકલ માર્કેટની સ્થિતિમાં પરિવર્તનશીલતાનો અનુભવ રહ્યો હતો. આફ્રિકાના વ્યવસાયે રજિસ્ટ્રેશનને મજબૂત બનાવવા, માર્કેટ ડેવલપમેન્ટ એક્ટિવિટી